# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*******************************************************

1) 106મો બંધારણીય સુધારો નારી શક્તિ વંદન અધિનિયમ અમલમાં આવ્યો.

2) લોકસભામાં આજે 131મા બંધારણીય સુધારા સહિત ત્રણ ખરડા પર ચર્ચા ફરી શરૂ થઈ.

3) હરિવંશ સતત ત્રીજી વખત રાજ્યસભાના ઉપસભાપતિ બન્યા.

4) ED એ પંજાબના લુધિયાણામાં રાજ્યના ઉદ્યોગ મંત્રી સંજીવ અરોરા સાથે જોડાયેલા સ્થળો પર દરોડા પાડ્યા.

5) IPL ક્રિકેટમાં, આજે ગુજરાત ટાઇટન્સ અને કોલકાતા નાઈટ રાઇડર્સ વચ્ચે મુકાબલો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# NOTIFIED-WOMEN RESERVATION ACT

એકસો છઠ્ઠો બંધારણીય સુધારો અધિનિયમ, 2023 નારી શક્તિ વંદન અધિનિયમ ગઈકાલથી અમલમાં આવ્યો છે. સંસદમાં 2023 માં આ અધિનિયમ પસાર કરાયો હતો જેમાં સંઘીય માળખાના તમામ સ્તરે જાહેર જીવનમાં મહિલાઓના સમાન પ્રતિનિધિત્વને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આ ઐતિહાસિક કાયદો લોકસભા અને દિલ્હીની વિધાનસભા સહિત તમામ રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે વારાફરતી બધી બેઠકોનો એક તૃતીયાંશ ભાગ અનામત રાખે છે.

# RIJIJU- WPR

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે નારી શક્તિ વંદન અધિનિયમ સૂચના જૂના કાયદાઓને લાગુ કરવા માટે જારી કરવામાં આવી છે જે અગાઉ લાગુ કરવામાં આવ્યા ન હતા. સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ એક ચાલુ પ્રક્રિયાનો એક ભાગ છે. તેમણે વિપક્ષને આ બાબતનું રાજકારણ ન કરવા અપીલ કરી હતી.

# LS WOMEN'S RESERVATION

લોકસભામાં આજે 131મો બંધારણીય સુધારા ખરડો, 2026 , સીમાંકન ખરડો , 2026 અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા સુધારા ખરડા, 2026 પર ચર્ચા ફરી શરૂ થઈ. આ ત્રણેય ખરડાનો હેતુ લોકસભા અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાઓમાં મહિલાઓની ભાગીદારી વધારવાનો છે. આ ત્રણેય ખરડા પર આજે મતદાન થશે.

ચર્ચામાં ભાગ લેતા, ડીએમકે સાંસદ કે. કનિમોઝીએ આ ખરડાનો વિરોધ કરતા કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા ગઈકાલે રાત્રે 2023માં પસાર થયેલા મહિલા અનામત કાયદાને સૂચિત કરવું આઘાતજનક છે. સરકારે તમિલનાડુ અને અન્ય રાજ્યોમાં ચાલી રહેલી ચૂંટણીઓને વિક્ષેપિત કરવા માટે આ ખાસ બેઠકમાં ત્રણ ખરડા રજૂ કર્યા હોવાનો તેમણે આરોપ મૂક્યો હતો. કોંગ્રેસના સાંસદ શશી થરૂરે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, મહિલા અનામતનો અમલ સંસદના વિસ્તરણ અને 2011 ની વસ્તી ગણતરીના આંકડા અને સીમાંકનની કવાયત સાથે જોડાયેલો છે. ગૃહમાં હજુ ચર્ચા ચાલી રહી છે.

# MCA- COMMENTS INVITED

સરકારે કંપની (નિગમ) નિયમો, 2014 ની સમીક્ષા માટે હિસ્સેદારો અને અન્ય લોકો પાસેથી સૂચનો મંગાવ્યા છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલયે જણાવ્યું કે મંત્રાલયની વેબસાઇટ પર ઉપલબ્ધ ઇ-કન્સલ્ટેશન મોડ્યુલ દ્વારા 9 મે સુધી સૂચનો મોકલી શકાશે.

મંત્રાલય કંપનીઝ એક્ટ, 2013 હેઠળ ફાઇલિંગ ફ્રેમવર્કના તર્કસંગતકરણ અંગે પણ હિસ્સેદારો સાથે સલાહ લઈ રહ્યું છે.

# RS - HARIVANSH

નામાંકિત સભ્ય હરિવંશ સતત ત્રીજી વખત રાજ્યસભાના ઉપસભાપતિ બન્યા છે. તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. રાજ્યસભામાં ગૃહના નેતા જે પી નડ્ડાએ હરિવંશને ઉપલા ગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિવંશને ત્રીજી વખત ઉપસભાપતિ તરીકે ચૂંટાયા બદલ અભિનંદન પાઠવ્યા. શ્રી મોદીએ કહ્યું કે, , બધાએ હરિવંશના નેતૃત્વ હેઠળ ગૃહને વધુ અસરકારક બનતું જોયું છે.

## (BYTE: PM-ON-HARIVANSH)

રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પણ હરિવંશને અભિનંદન પાઠવ્યા.

## (BYTE: KHARGE-ON-HARIVANSH)

# WB CAMPAIGN

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના વડા અને મુખ્યમંત્રી મમતા બેનર્જી આજે કૂચ બિહાર ઉત્તર અને કૂચ બિહાર દક્ષિણમાં બે જાહેર સભાઓ કરશે. તેઓ દુર્ગાપુર પશ્ચિમમાં રોડ શો કરશે અને દમ દમ સેન્ટ્રલ જેલ મેદાનમાં એક રેલીને સંબોધિત કરશે. દરમિયાન, ભાજપનું પ્રતિનિધિત્વ કરતા, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ આજે રાજ્યમાં એક પ્રેસ કોન્ફરન્સ કરશે. તેઓ ઉદ્યોગપતિઓને મળશે અને કસ્બામાં એક રોડ શોમાં ભાગ લેશે. તેઓ એન્ટાલીમાં એક રેલીમાં સંબોધન કરશે.

# WB - VOTER LIST

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ કુમાર અગ્રવાલે ખાતરી આપી છે કે મતદાર યાદી નોંધણી અંગે સર્વોચ્ચ અદાલતના તાજેતરના નિર્દેશના અમલીકરણમાં કોઈ જટિલતા રહેશે નહીં. તેમણે સમજાવ્યું કે સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન હાથ ધરાશે, જેનાથી નાગરિકોને અંતિમ ક્ષણ સુધી મતદાર યાદીમાં તેમના નામ ઉમેરવાની તક મળશે.

શ્રી અગ્રવાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે વહીવટીતંત્ર સંપૂર્ણપણે તૈયાર છે, બધી અરજીઓ અને પ્રક્રિયાઓને સરળતાથી હેન્ડલ કરવા માટે ડિજિટલ સિસ્ટમ્સ કાર્યરત છે. જે નાગરિકોએ પોતાનો મતદાન અધિકાર પાછો મેળવ્યો છે અને ચૂંટણી લડવા માંગે છે તેમના પ્રશ્નોના જવાબમાં, મુખ્ય ચૂંટણી અધિકારીએ સ્પષ્ટતા કરી કે આવા વ્યક્તિઓને તેમની અરજીઓ સબમિટ કરવા માટે પહેલાથી જ પ્રાથમિકતા આપવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# PUNJAB ED RAID

પ્રવર્તન નિદેશાલય-ED આજે પંજાબના લુધિયાણામાં આમ આદમી પાર્ટીના નેતા અને રાજ્યના ઉદ્યોગ મંત્રી સંજીવ અરોરા સાથે જોડાયેલા સ્થળો પર શ્રેણીબદ્ધ દરોડા પાડ્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, EDની ટીમોએ વહેલી સવારે મંત્રીના નિવાસસ્થાન, ચંદીગઢ અને દિલ્હી સહિત સરકારી અને અન્ય જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા.

દરમિયાન, શ્રી અરોરાએ તેમના સોશિયલ મીડિયા પર કહ્યું છે કે એક જવાબદાર નાગરિક તરીકે, તેઓ EDને સંપૂર્ણ સહયોગ કરશે.

# PMML

ટપાલ વિભાગે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી સંગ્રહાલય ખાતે પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલય (PMML) ના સહયોગથી ભારતના લોકો પર એક નવું પોસ્ટકાર્ડ બહાર પાડ્યું છે.

આ વિમોચન એક ભારત, શ્રેષ્ઠ ભારત: પોસ્ટેજ સ્ટેમ્પ દ્વારા ભારતની એકતા અને લોકશાહીની ઉજવણી નામના ચાલી રહેલા ટપાલ ટિકિટ પ્રદર્શનનો એક ભાગ છે. જે 14મી એપ્રિલથી આજ સુધી સંગ્રહાલય પરિસરમાં યોજાઈ રહ્યું છે. પ્રદર્શનમાં આદિવાસી પ્રતિકાર, સ્વતંત્રતાની મહિલાઓ, ભારતના તહેવારો અને ભારતના લોકો જેવા વિભાગો છે અને તે તીન મૂર્તિ ભવનમાં જાહેર જનતા માટે ખુલ્લા રહેશે.

# INDIA AI MISSION

ઇન્ડિયાએઆઈ મિશને ઇન્ડિયાએઆઈ સ્ટાર્ટઅપ્સ ગ્લોબલ એક્સિલરેશન પ્રોગ્રામના બીજા જૂથ માટે 10 અત્યાધુનિક ભારતીય એઆઈ સ્ટાર્ટઅપ્સની પસંદગીની જાહેરાત કરી. ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રાલયે જણાવ્યું કે, સ્ટાર્ટઅપ્સની પસંદગી એક સખત બહુ-તબક્કાની પસંદગી પ્રક્રિયા દ્વારા કરવામાં આવી છે અને તેઓ તેમના વૈશ્વિક સ્કેલ-અપને ટેકો આપવા માટે રચાયેલ ઇમર્સિવ પ્રોગ્રામ માટે રાષ્ટ્રના ગતિશીલ એઆઈ ઇનોવેશન ઇકોસિસ્ટમનું પ્રતિનિધિત્વ કરશે. આ કાર્યક્રમમાં 3-અઠવાડિયાના ઓનલાઇન તૈયારી મોડ્યુલનો સમાવેશ થાય છે અને ત્યારબાદ ફ્રાન્સના પેરિસમાં ત્રણ મહિનાનો ઇમર્સિવ રેસીડેન્સીનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ ભારતની રાષ્ટ્રીય એઆઈ સ્ટ્રેટેજી સાથે સુસંગત છે.

# PIYUSH GOYAL- SOUTH KOREA

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગઈકાલે દક્ષિણ કોરિયાના વેપાર મંત્રી યેઓ હાન-કૂ સાથે વર્ચ્યુઅલ મીટિંગ કરી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ગોયલે જણાવ્યું હતું કે મીટિંગ દરમિયાન બંને નેતાઓએ ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે દ્વિપક્ષીય આર્થિક સહયોગને મજબૂત બનાવવા પર ચર્ચા કરી હતી. વેપાર અને રોકાણ સંબંધોને વધુ ગાઢ બનાવવાની સહિયારી પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરતા, મંત્રીએ બંને દેશો વચ્ચે વ્યાપક અને પરસ્પર લાભદાયી ભાગીદારીને આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# IPL

IPL ક્રિકેટમાં, આજે, ગુજરાત ટાઇટન્સનો મુકાબલો કોલકાતા નાઈટ રાઇડર્સ સામે થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે મેચ શરૂ થશે.

ગઈકાલે રાત્રે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી લીગ મેચમાં પંજાબ કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને 7 વિકેટથી હરાવ્યું હતું.

# WOMEN'S T20 SERIES

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ દક્ષિણ આફ્રિકા સામે  પાંચ મેચની ટી20 શ્રેણીની પહેલી મેચ આજે કિંગ્સમીડ, ડર્બનમાં રમશે.  મેચ ભારતીય સમય મુજબ રાત્રે સાડા નવ વાગ્યે શરૂ થશે. બીજી મેચ પણ રવિવારે આ જ સ્થળે રમાશે જ્યારે ત્રીજી અને ચોથી મેચ 22 અને 25મીએ  જોહાનિસબર્ગના વાન્ડરર્સ ખાતે રમાશે. 27 એપ્રિલે ફાઇનલ મેચ બેનોનીના વિલોમૂર પાર્ક ખાતે રમાશે.

# PAK EXPLOSION

પાકિસ્તાનના ઉત્તરપશ્ચિમ પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં એક ઔદ્યોગિક વસાહતમાં ગેસ પાઇપલાઇન વિસ્ફોટમાં આઠ લોકોનાં મોત થયા. આ ઘટના હરિપુર જિલ્લાના હટ્ટર ઔદ્યોગિક વસાહતમાં બની હતી. આ વિસ્ફોટ ગ્રાન્ડ ટ્રંક રોડ પર એક ગ્રાઇન્ડીંગ મિલ પાસે થયો હતો, જ્યાં વિસ્ફોટથી ભારે આગ લાગી હતી.